જ્યારે વિચાર વાણીનું રૂપ લે છે અને વાણી સત્ય થઇ જાય છે આ યુવાવસ્થા છે
- વોલ્ટર સ્વેંટ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૯૭ | ૧૭ જૂન, ૨૦૧૩, સોમવાર; જયેષ્ઠ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



**પ્રેરણા વિદ્યાલય**

ધો.૧૦ના ઉત્તિર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે.

ધો.૧૧ તથા ધો.૧૨ આર્ટસ/કોમર્સમાં પ્રવેશ ચાલુ છે.

મર્યાદિત સંખ્યા અને બાળકોના સર્વાંગી વિકાસ પ્રત્યે પુરતું ધ્યાન આપતી - વ્યાજબી ફી ધોરણવાળી એકમાત્ર પ્રતિષ્ઠિત સંસ્થા

(બાલમંદિરથી ધો.૧૦માં પ્રવેશ ચાલુ છે)

પ્લોટ નં. ૩૪૦, સેક્ટર-૫એ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૪૬૦૦૭ ● સમય : સવારે ૮ થી ૧૨


# જિલ્લામાં ત્રીજા દિવસે વરસાદ

## વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓએ ટ્રાફિક ખોરવાયો ચારેય ચાલુકામાં એક ઈંચ કરતાં વધુ વરસાદ થયાના અહેવાલો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં આજે સતત ત્રીજા દિવસે પણ સાર્વત્રિક વરસાદ થતાં લોકોએ રાહત અનુભવી છે. જો કે થઈ રહેલા આ વરસાદને કારણે ખેતીના કામમાં ખેડૂતોએ વાવણીનું કામ પૂરજોશમાં હાથ ધર્યું છે.

આજે સાંજે જિલ્લાના ચારેય તાલુકાઓમાં ૧ ઈંચથી વધારે વરસાદ થયાના અહેવાલો મળ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સિઝનનો ચાર થી પાંચ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જો કે આજે થયેલા વરસાદ પછી વાવણીની કામગીરીમાં વેગ આવ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦ હજાર હેક્ટરથી પણ વધારે વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ હોવાનું જાણવા મળેલ છે.

ભારે પવન સાથે થઈ રહેલા વરસાદને કારણે વૃક્ષો ધરાશયી થયાના અહેવાલો પણ સાંપડ્યા છે.

આજે સાંજે પણ પવન સાથે જ વરસાદનું આગમન થયુ હતુ. પવનની ગતિ આજે પણ ૨૫ થી ૩૦ કિ.મી.ની આસપાસ હોવાનું નિષ્ણાતોનું માનવું છે. આજે આ પવનની ગતિને કારણે ગાંધીનગર શહેરમાં પણ વૃક્ષો ધરાશાયી થવાના અહેવાલો છે.

વરસાદનો આરંભ થતાં જ ગ્રામ્ય વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ જવાની ઘટનાઓ બની રહી છે તેને લઈ ગ્રામજનોમાં પણ ચિંતાની લાગણી સતત પ્રવર્તતી જોવા મળી રહી છે. ઉત્તર ગુજરાત વીજ કંપનીના ફોન પણ વરસાદ દરમ્યાન ઠપ્પ થઈ જતા હોવાની ફરિયાદો લોકોમાં ઉઠવા પામી છે. તંત્ર દ્વારા લોકોને રાહતને બદલે કોઈ જ જવાબ નહિ આપવાની નીતિ સામે રોષ ઉભો થવા પામ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ ઠેર ઠેર પાણી ભરાઈ જવાની ફરિયાદો ઉઠી છે. જો કે ધરતી હજુ તરસી હોવાથી વહેલી સવાર સુધીમાં પાણી જમીનમાં ઉતરી જતુ હોય છે. તળાવોમાં પણ હજુ પાણીની આવક એટલી થઈ ન હોવાનું ગ્રામજનોનું કહેવું છે.

### તોફાની પવન બાદ પડેલા વરસાદથી ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી

ગાંધીનગર વિસ્તારમાં મોડી સાંજે શરૂ થયેલા તોફાની પવન બાદ ગાજ વીજ અને કડાકા-ધડાકા સાથે ત્રાટકેલા વરસાદને પગલે શહેરના વિવિધ વિસ્તારોમાં વક્ષો ધરાશાયી થઈ જવા પામ્યા હતાં. સેકટર-૭ ચૌધરી મહિલા કોલેજ સામે અને ગ-૩ થી ખ-૩ જતા માર્ગ પર એમ.આર.એફ. શૉ રૂમ સામે પડી ગયેલા વૃક્ષોથી થોડા સમય માટે રસ્તા પણ બ્લોક થઈ જવા પામ્યા હતાં.











